ગાંધીનગર સમાચાર


## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'નેતૃત્વ'ના નિવેદને બઢતી બટકું મળે છે,*
*મળે છે 'ઉચ્ચ' પોસ્ટીંગ ખાવાનું ચટકું મળે છે.*
*છટકું ગોઠવાય, વિરોધીને સત્યવાદી પર*
*રાહત, રાવતને, હાથી પર મટકું મળે છે...*

હાઈકુ

*ગોઠવાય છે,*
*સત્તાની શતરંજે -*
*વ્હાલાં-દવલાં...*

*લાગી લગામ -*
*ત્રણેય પાંખો પર -*
*બાજ પીંજરે...*

### ચિંતન

**મનસા ચિન્તિતં કર્મ વચસા ન પ્રકાશયેત્ ।**
**અન્યલક્ષિતકાર્યસ્ય યતઃ સિદ્ધિર્ન જાયતે ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

જે કાર્યને મનથી વિચાર કરેલો હોય, તેને વાણીથી પ્રગટ કરવું નહં, કારણ કે જો પહેલેથી બીજાને કાર્ય બતાવી દેવામાં આવે, તો તેની સિદ્ધિ મળતી નથી.

માત્ર વિચાર-કલ્પના કે આયોજન વિચાર્યું હોય તો તેને અગાઉથી - પહેલાંથી જાહેર ન કરવો જોઈએ. જો પૂર્ણ ન થાય તો હાંસીપાત્ર થવાય અને બીજું હિતશત્રુઓ - ઈર્ષાળુઓ એમાં વિઘ્નો નાખી કાર્ય ને કઠિન બનાવે છે.

### સુવિચાર

- છોડની થી મક્કારી, બેઈમાની, ધોખા, જુઠ ઔર નફરત...
  ઔર લોગ સિર્ફ માંસાહાર છોડ કર હી ધર્મી બન બેઠે હૈ - **ઓશો**
- જવાબદારી અને તકલીફો આ બંનેનું સકારાત્મક પરિણામ એટલે 'પ્રગતિ' - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સમય' ની પાસે એટલો 'સમય' નથી કે,
  'સમય' તમને બીજી વાર 'સમય' આપી શકે - **અખંડ આનંદ**
- બુદ્ધિશાળી સાથે ગમે તેટલું ફરીએ, પણ અનુભવતો મૂર્ખ બન્યા પછી જ મળે - **જગદીશ ત્રિવેદી**
- ઉંમરના પ્રમાણે ત્વચાની કરચલી ચલાવી લેવી, પણ વિચારોને ઈસ્ત્રી રોજ કરવી - **ડો. વીજળીવાળા**
- કયારેક આપણે ખોટા નથી હોતા પણ આપણી પાસે એ શબ્દો નથી હોતા જે
  આપણને સાચા સાબિત કરી શકે - **શ્રીધર બુદ્ધદેવ**
- આજનું ઔષધ : બે કેળાંને મસળીને તેમાં ખાંડ અને એલસી મેળવીને ખાવાથી પેટની બળતરા દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગાંધીજીના ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેના શિક્ષકે દસ દાખલા ઘરકામમાં ગણવા આપ્યા. ગોખલેજીને દસમાંથી નવ દાખલા તો બરાબર ગણી નાખ્યા પણ એક અઘરો દાખલો તેમને આવડતો ન હોવાથી તેમણે તેમના મોટાભાઈને દાખલો બતાવ્યો. મોટાભાઈએ મદદ કરીને દાખલો ઘણી આપ્યો. બીજે દિવસે શિક્ષકે ઘરકામ તપાસ્યું. તો આખા વર્ગમાં ફક્ત ગોખલેજી એક જ એવા વિદ્યાર્થી હતા. જેના દસેદસ દાખલા ખરા હતા. શિક્ષકે રાજી થઈને તેમને ચાર-આના ઈનામમાં આપ્યા. ઈનામ મળવાથી ગોખળેજી રાજી થવાની બદલે રોવા લાગ્યા. શિક્ષકે પૂછ્યું, 'ઈનામ મળે તો મારે રાજી થવું જોઈએ પણ તું શું કારણથી રોવે છે?' ગોખલેએ ડુસ્કાં ભરતાં કહ્યું, 'સાહેબ, આ દસમાંથી નવ દાખલા જ મેં જાતે ગણ્યા છે. એક અઘરો દાખલો મને મોટાભાઈએ ગણી આપ્યો છે. આપ મારા ઉપર વિશ્વાસ રાખીને દસે દસ દાખલા મેં ગણ્યા છે. એમ માની ને મને ઈનામ આપો છો, પણ તેથી મને અસત્યનું ઈનામ મળે છે, મને એ વાતના આંસુ આવ્યા છે. મને ક્ષમા કરો. આ ઈનામને હું લાયક નથી.' ગોપાલની સચ્ચાઈ જોઈને વધારે પ્રસન્ન થયા અને બીજા ચાર આના ખિસ્સામાંથી કાઢી કુલ આઠ આના ઈનામમાં આપ્યા અને કહ્યું, 'હવે તને દાખલાનું નહીં, પણ આ આઠ આના - તારી સચ્ચાઈનું ઈનામ આપું છું.' ગોપાલકૃષ્ણ ગોખલેની સચ્ચાઈનો લાભ આખા ભારતને સાંપડ્યો.

# બિહાર અને બંગાળ દિશા નક્કી કરશે

**તંત્રીસ્થાનેથી...**

વિવાદાસ્પદ નાગરિકતા સંશોધન કાનૂન સોમ વિવિધ રાજયોમાં શરૂ થયેલ વિરોધમાં બંગાળે પહેલ કરી હતી અને એના અમલીકરણ મુદ્દે જદ(યુ) ના ઉપાધ્યક્ષ પ્રશાંક કિશોરે રજૂ કરેલ નકારાત્મક અભિપ્રાય પછી ખુદ બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે પણ લોકસભામાં એ ખરડો પસાર કરવામાં સમર્થન આપ્યા પછી ફેરવી તોળ્યું અને બિહારમાં એનો અમલ નહીં કરાય એવું નિવેદન આપવું પડ્યું હતું. મમતા બેનરજી પશ્ચિમ બંગાશળમાં કોઈ કાળે આ 'કાળા કાનૂન'નો પોતાના રાજયમાં અમલ નહીં કરે એવો પડકાર ફેંકી ચૂક્યા છે. બંને પાડોશી રાજયોમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. જો આ બેઉ રાજયોમાં કેન્દ્રમાં સત્તાધારી એનડીએ સારું પ્રદર્શન નહીં કરી શકે તો એના માટે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી સીધાં ચઢાણ સમી બની રહેશે તે નક્કી. નીતીશકુમાર તો કયારેક વડાપ્રધાન પદના દાવેદાર તરીકે ઊપસી આવ્યા હતા અને તત્કાલીન એનડીએના સૌથી સિનિયર નેતા અને ભારતીય જનતા પાર્ટીના વિચારપુરુષ લાલકૃષ્ણ અડવાણી એમની મહત્વાકાંક્ષાને હવા આપતા રહ્યા હતા. નરેન્દ્ર મોદીને સંઘ તથા દેશનાં મોટા ઉદ્યોગ ગૃહોનું સમર્થન હોઈ નીતીશકુમારના હાથ હેઠા પડ્યા હતા. નરેન્દ્ર મોદીના કટ્ટર પ્રતિસ્પર્ધી તરીકે ઉપસી આવેલા નીતીશકુમાર સ્થાનિક પ્રતિસ્પર્ધી લાલુ યાદવને 'બડે ભાઈ' કહી વળગી પડ્યા હતા અને એનડીએથી અલગ થઈ બિહારમાં સત્તા જાળવી રાખી હતી. વળી પાછું દશ્ય બદલાયું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ લડતા રહેવાથી નથી પોતે શાંતિથી રાજ કરી શકવાના કે નથી બિહારનું ભલું થવાનું - એની ખાતરી થતાં જ વળી ફરીથી એમને ભાજપની ભાગીદારી વાળી સરકારનું નેતૃત્વ સંભાળ્યું હતું. હવાના રૂખ જોઈ પોતાનું મુખ ફેરવવામાં માહેર નીતીશકુમાર માટે નાગરિકાત સંશોધન કાનૂન અને નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સના મુદ્દા શિરોવેદના સમાન બની રહ્યા છે. રાજકીય સલાહકાર પ્રશાંત કિશોરનો અભિગમ બહુ જ સ્પષ્ટ છે. તેઓએ કરેલ સીટ શેરિંગમાં સિંહભાગ જદ(યુ) ને મળવો જોઈએ એવા નિવેદન સામે બિહાર ભાજપના સર્વોચ્ચ નેતા અને ઉપમુખ્યમંત્રીના વાંધાવચકા પછી તો એમ જ લાગતું હતું કે નીતીશકુમાર કાં તો ભાજપ સાથે છેડો ફાડશે અથવા પ્રશાંત કિશોરને જદ(યુ) માંથી રૂખસદ અપાશે. પરંતુ કેન્દ્રની સૂચનાથી હાલ પૂરતા સુશીલ મોદી ઠંડા પડી ગયા છે અને બધું બરાબર જ ચાલશે - એવા નિવેદન સાથે નીતીશકુમારને સાચવી લેવાની કોશિશ કરી રહ્યા છે. બિહારમાંથી જ ચૂંટાયેલા કેન્દ્રી મંત્રી રવિશંકર પ્રસાદે જે કેટલાંક રાજયો વિપક્ષી અંકુશ હેઠલ છે ત્યાં આ કાનૂનની અમલવાહી નહીં કરવા અંગેના નિર્ણય સામે લાલબત્તી ધરી છે. સંસદ સર્વોપરિ છે અને એણે પસાર કરેલ કાનૂનનો બંધારણીય રૂએ અમલ કરવાનો જ રહે છે. આગામી દિવસોમાં બિહાર અને બંગાળની ચૂંટણીઓમાં આ મુદ્દો કેન્દ્ર સ્થાને રહેશે, એટલું જ નહીં, એથી પ્રજાનું રૂખ પણ સમજાઈ જશે. હિંદુત્વને હવા આપતો કાનૂન ખુદ હિંદુઓને મંજૂર છે કે નહીં એનો લિટમસ ટેસ્ટ થઈ જશે. આ જ અરસામાં અયોધ્યા ખાતે રામજન્મભૂમિ મંદિરના નિર્માણનો પ્રારંભ પણ થઈ જવાનો છે, જે આ બે મહત્ત્વનાં રાજયોની ચૂંટણી પર કેટલી અસર ઊપજાવે છે એની ખબર પડી જશે.


# કચ અને દેવયાની - નૈતિક બોધની કથા

આશ્રમને દ્વારે પ્રાતઃકાળે યુવક આવીને ઊભો રહ્યો. આશ્રમ અસુરોના રાજા વૃષપર્વાના કુલગુરુ શુક્રાચાર્યનો હતો. યુવકે હથેળીમાં સમિધ રાખીને આચાર્યને પ્રણામ કર્યા. પોતાનો પરિચય આપ્યો - 'દેવોના કુલગુરુ બૃહસ્પતિનો હું પુત્ર કચ છું.' શિષ્ય થવું હોય, તો જ સમિત હોય. યુવકના સંસ્કાર જોઈને આચાર્ય પ્રસન્ન થયા. એનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો! એ શત્રુ પક્ષનાં પુરોહિતનો પુત્ર હતો, એ લક્ષ્યમાં ન રાખ્યું !! ખરા અર્થમાં આચાર્ય - આચાર શીખવે એ; આચારમાં આદર્શ.

એને એવી જ સંસ્કારી અને સુંદર પુત્રી હતી - દેવયાની. કચનો અભ્યાસ શરુ થયો. ફુરસદના સમયમાં કચ અને દેવયાની સાથે સમય વીતાવે - ગીત, સંગીત, નૃત્ય બંનેને ગમે.

પરંતુ અસુરોને ખબર પડી ગઈ. આ કચ દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર છે. તેઓ લાગ શોધવા લાગ્યા. કચ એકવાર આશ્રમની ગાયોને લઈને ચરાવવા વનમાં ગયો. અસુરોએ એની હત્યા કરી નાખી. એના ટૂકડા કરી નાખ્યા અને પશુઓને ખવડાવી દીધા!

સાંજે ગોધણ એકલું પાછું ફર્યું. સાથે કચ ન હતો. એને અસુરો પર શંકા ગઈ. પિતા પાસે રોક્કળ કરી મૂકી. કહ્યું, 'મને કચ પ્રિય છે. એના સિવાય હું જીવી નહિં શકુ.' આચાર્યને સંજીવની વિદ્યાના મંત્રોનો ખ્યાલ હતો. એણે કચનું આવાહન કર્યું અને મંત્રોનું ઉચ્ચારણ કર્યું; તરત જ કચ પ્રગટ થયો. પિતા-પુત્રી બંને રાજી. કચે,



વનમાં શું થયું; તે કહી દીધું.

ફરી એક વાર, અસુરોને તક મળી. કચ સમિધ, પુષ્પ અને ફળ માટે વનમાં નીકળ્યો હતો. આ વખતે અસુરો એ કુટિલતા કરી. કચને મારી નાખ્યો, એને ભસ્મીભૂત કરી નાખ્યો. આ ભસ્મ મદિરામાં ભેળવી. પછી સ્વયં આચાર્યને જ પાઈ દીધી !!

ફરી દેવયાનીએ પિતા પાસે આક્રન્દ કર્યું. 'હું કચ પાછળ દેહ મૂકી દઈશ.' આચાર્યએ આ વખતે કચને આવાહન કર્યું. તો પોતાના ઉદરમાંથી જ અવાજ આવ્યો. આચાર્યને સુરાપાન માટે પસ્તાવો થયો. - 'આચાર્ય થઈને મેં સુરા પીધી, તો આવું થયું.'

એણે કચને સંજીવની મત્ર આપ્યો. કચે એનું ઉચ્ચારણ કર્યું. એ ઉદરમાંથી બહાર આવ્યો. આ પ્રક્રિયામાં ગુરુનું અવસાન થયું. એણે આ જ મંત્રથી ગુરુને પુરર્જીવિત કર્યા. કચ, દેવયાની અને શુક્રાચાર્ય - ત્રણેય પ્રસન્ન.



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

વિદ્યાભ્યાસ પૂરો થયો. કચને વિદાયની વેળા આવી. દેવયાનીએ હવે એની પાસે પ્રણયનો પ્રસ્તાવ મૂક્યો. 'તારો અભ્યાસ ચાલુ હતો; એટલે હું ન બોલી. પણ હવે, તું મારી સાથે લગ્ન કરી શકે છે. મારી વિનંતી છે.'

કચે આ વિનંતીનો અસ્વીકાર કર્યો. 'તું મારી ગુરુની પુત્રી છો; એ અગમ્યા કહેવાય. એને પરણાય નહિ. હું તારા પિતાના ઉદરમાં હતો, તેથી હું પુત્ર ગણાઉં. એ રીતે તું મારી બહેન છો; તેથી પણ તને ન પરણાય.'

નિરાશ થઈને દેવયાનીએ શાપ આપ્યો - 'તારી વિદ્યા એળે જશે.' કચે પ્રતિશાપ આપ્યો. 'તને કોઈ ઋષિકુમાર પરણશે નહિ. મારી વિદ્યા એળે જશે; પરંતુ હું જેને શીખવીશ, એ ઉપયોગમાં લઈ શકશે.'

કચે આશ્રમમાંથી કાયમી વિદાય લીધી.

કચ - દેવયાનીના આ વૃતાન્તમાં બોધપાઠ મહત્ત્વનો છે : (૧) આચાર્ય પાસે ઉદારતા જોઈએ. શત્રુ પણ શિષ્ય થવા આવે, તો એનો સ્વીકાર કરવાનો. (૨) આચાર્ય માટે સુરા પાન નિષિદ્ધ છે. એણે મદિરા લેવાની નથી. (૩) ગુરુની પુત્રી પણ માનનીય. એમાં આસક્તિભાવ ન જોવાય.

આ વૃત્તાન્ત કદાચ અવાસ્તવિક લાગે; પરંતુ આનો નૈતિક બોધ મહત્ત્વનો છે.

# રેવા અને રુદ્રકન્યા કઈ નદીના ઉપનામ છે?



ખજાનો
અનિલ પટેલ

## ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ 'કામસૂત્ર'ના રચયિતા કોણ હતા ?
(અ) વાત્સ્યાયન (બ) વાલ્મિકી
(ક) તુલસીદાસ (ડ) આચાર્ય કપિલ

૨ ગુડી પડવો કયારે મનાવવામાં આવે છે ?
(અ) ચૈત્ર સુદ એકમ (બ) ચૈત્રી પૂર્ણિમા
(ક) ચૈત્ર સુદ અગિયારસ (ડ) ચૈત્રી વદ અગિયારસ

૩ ભાદરવા વદ બારસના દિવસે મનાવવામાં આવતી રેટિંયા બારસ કોને સંબંધિત છે ?
(અ) કસ્તુરબા (બ) ગાંધીજી
(ક) વિનોબા ભાવે (ડ) મહાદેવભાઈ દેસાઈ

૪ ૨જી ઓકટોબર મહાત્મા ગાંધી સિવાય અન્ય કયાં મહાપુરુષની જન્મતિથિ છે ?
(અ) બાળ ગંગાધર તિલક (બ) સરદાર પટેલ
(ક) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (ડ) ઈંદિરા ગાંધી

૫ 'બૃહત્સંહિતા'ના પ્રણેતા કોણ છે ?
(અ) વાલ્મિકી (બ) આર્યભટ્ટ
(ક) ભાસ્કરાચાર્ય (ડ) વરાહ મિહીર

૬ 'ધમ્મપદ' કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?
(અ) જૈન (બ) બૌદ્ધ
(ક) પારસી (ડ) શીખ

૭ 'બુદ્ધચરિત'ના રચયિતા કોણ છે ?
(અ) અશ્વઘોષ (બ) આચાર્ય કપિલ
(ક) સમ્રાટ અશોક (ડ) વિષ્ણુ શર્મા

૮ 'રામચરિત માનસ'ના રચયિતા કોણ છે ?
(અ) વાલ્મિકી (બ) વેદવ્યાસ
(ક) તુલસીદાસ (ડ) ભર્તૃહરિ

૯ લાવણી કયા પ્રદેશનું નૃત્ય છે ?
(અ) અસમ (બ) પંજાબ
(ક) રાજસ્થાન (ડ) મહારાષ્ટ્ર

૧૦ નૌટંકી કયા પ્રદેશનું નૃત્ય છે ?
(અ) ઉત્તરપ્રદેશ (બ) કેરળ
(ક) બંગાળ (ડ) રાજસ્થાન

૧૧ રેવા અને રુદ્રકન્યા કઈ નદીના ઉપનામ છે ?
(અ) ગંગા (બ) કાવેરી
(ક) નર્મદા (ડ) સરસ્વતી

૧૨ વૈશાખીનો તહેવાર ધામધૂમથી કયા રાજયમાં ઉજવાય છે ?
(અ) હરિયાણા (બ) પંજાબ
(ક) બિહાર (ડ) કશ્મીર

૧૩ 'એકોહમ્ બહુસ્યામ્', 'હું એક છું, મારે અવેક થવું છે'? આ કયા ગ્રંથમાંથી લેવામાં આવ્યું છે ?
(અ) ઋગ્વેદી (બ) યથર્વવેદ
(ક) યજુર્વેદ (ડ) સામેવેદ

૧૪ તાનસેનના ગુરુનું નામ શું હતું ?
(અ) રામદાસ (બ) સ્વામી પુર્ણાનંદ
(ક) સ્વામી રામાનંદ (ડ) સ્વામી હરિદાસ

૧૫ પિતાની આજ્ઞા પ્રમાણે યમને મળવા જનાર બાળકનું નામ શું હતું ?
(અ) દદીચિ (બ) નચિકેતા
(ક) ધ્રુવ (ડ) પ્રહલાદ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૩ જાન્યુઆરી :**
  - ઈસરોના ભૂતપૂર્વ વડા સતિષ ધવનનું અવસાન (૨૦૦૨)
  - જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકાર રાજેન્દ્ર શાહનું નિધન-૨૦૧૦
  - ગુજરાતી કવિતામાં માધુર્ય અને લાલિત્યનો સાક્ષાત્કાર કરાવનાર વેણીભાઈ પુરોહિતનું અવસાન (૧૯૮૦)
  - બેલ્જિયમના ફાધર ડેમિયનની જન્મ જયંતિ (૧૮૪૦)
- **૪ જાન્યુઆરી :**
  - 'અખંડ આનંદ' સાયમિક દ્વારા સંસ્કાર ઘડતરનું કામ કરનાર ભિક્ષુ અખંડ આનંદની પુણ્યતિથિ (૧૯૪૨)
  - દુનિયાની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફાનું ઉદ્ઘાટન (૨૦૧૦)
  - મ્યામાનરનો સ્વતંત્રતા દિવસ (૨૦૦૧)
  - 'બેઈલ લીપી' વિકસાવનાર લૂઈ બ્રેઈલનો જન્મ દિવસ (૧૮૦૯)
- **૫ જાન્યુઆરી :**
  - આધ્યાત્મિક યોગી પરમહંસ યોગાનંદનો જન્મદિવસ (૧૮૮૩)
  - સશસ્ત્ર ક્રાંતિકારી ફોજ ઊભી કરનાર બારીન્દ્ર ઘોષનો જન્મદિવસ (૧૮૮૦)
  - બોલીવુડ અભિનેત્રી દીપીકા પાદુકોણનો જન્મદિવસ (૧૯૮૬)
  - હાસ્ય સમ્રાટ અને અભિનેતા મુકરીનો જન્મદિવસ (૧૯૨૨)
- **૬ જાન્યુઆરી :**
  - ચિત્રકાર અને પ્રેરણામૂર્તિ ખલિલ જિબ્રાનનો જન્મદિવસ (૧૮૮૩)
  - લીલાવતી કનૈયાલાલ મુનશીની પુણ્યતિથિ (૧૯૯૧)
  - મિસ્ટર બીનના નામે જાણીતા બ્રિટીશ એકટર રોવર એટકિન્સનનો જન્મદિવસ (૧૯૫૫)
  - ભારતને વિશ્વકપ અપાવનાર ક્રિકેટર કપિલદેવનો જન્મદિવસ (૧૯૫૯)
- **૭ ડિસેમ્બર :**
  - સુપ્રસિદ્ધ રશિયન સાહિત્યકાર એન્ઠન ચેર્ખોફનો જન્દમિવસ (૧૮૬૦)
  - બોલીવુડની બંગાળી બ્યુટી બિપાશા બાપુનો જન્મદિવસ (૧૯૭૯)
  - લોકસભામાં ૩૫૧ સીટો મેળવી ઈન્દિરાનો પુનઃ ઉદય થયો (૧૯૮૦)
  - ગુજરાતી અભિનેત્રી સુપ્રિયા પાઠકનો જન્મદિવસ (૧૯૬૧)
- **૮ જાન્યુઆરી :**
  - ખગોળશાસ્ત્રી ગેલેલિયો ગેલીલીનું નિધન (૧૬૪૨)
  - પરિક્ષીતલાલ મજમુદારની જન્મજયંતિ (૧૯૦૧)
  - વિતેલા જમાનાની ખુભસુરત અભિનેત્રી નંદાનો જન્મદિવસ (૧૯૩૯)
  - અભિનેત્રી અને મોડેલ નફીસા અલીનો જન્મદિવસ (૧૯૫૭)
- **૯ જાન્યુઆરી :**
  - નોબેલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિક હરગોવિંદ ખુરાનાનો જન્મદિવસ (૧૯૨૨)
  - બોલીવુડનો મલ્ટી ટેલેન્ટ એક્ટર ફરહાન અખ્તરનો જન્મદિવસ (૧૯૭૪)
  - ફ્રાન્સના સિમોન દ બોવારની જન્મજયંતિ (૧૯૦૮)
  - આઈફોને પહેલો સ્માર્ટ ફોન એપલ રજૂ કર્યો (૨૦૦૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ઝારખંતમાં હેમંત શોરેન કયા પક્ષના નેતા છે ?**

**જવાબ : ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં મહારાષ્ટ્રમાં એનસીપીના કયા નેતાને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મૌસમ બડા બેઈમાન હૈ !! વાત ઠંડા ઠંડા શિયાળાની...

'જુઓને, આ ડિસેમ્બર પૂરો થવા આવ્યો તોય હજી શિયાળો જામ્યો નથી. જોઈએ એવી ઠંડી જ પડતી નથી. બળ્યું, હવે તો સીઝનની કંઈ ખબર નથી પડતી...' એવી એવી ફરિયાદ કરનારની બોલતી બંધ કરી દેવા, ઠંડી ગુલાબીમાંથી ફુલ ગુલાબી થઈ, ને હવે લાલ ગુલાબીમાં ફેરવાઈ ગઈ છે ! સૂરજ લાલમલાલ યાને કે રાતોચોળ થાય ત્યારે આપણને દઝાડે - બાળે છે... ને શિયાળો રાતોચોળ - આકરો થાયત્યારે ધ્રૂજાવી નાખે છે - ઠારી નાખે છે... વહેલી સવારે તો ઘર બહાર નીકળ્યા હોઈએ ને બોલીએ કે ઉચ્છવાસ બહાર ફેંકીએ ત્યારે તો વગર ધૂમ્રપાન કરે મોંમાંતી ધૂમાડો - વરાળ નીકળતાં હોય છે.... એ રીતે શિયાળાએ આપણને બાળ્યા કહેવાય કે નહીં ?

હમણાં એક સરગવાની સીંગ જેવા, સાવ સીંગલ હડ્ડી, પરિચિત બહુ સમય પછી અચાનક એક રાત્રે લગ્નમાં મળી ગયા.... એમને જોઈને આશ્ચર્યથી પૂછ્યું : 'અરે વાહ, તમે તો બોડી બનાવી દીધું છે ને કાંઈ ? કેટલું વજન વધાર્યું? કઈ દવા - થેરેપીનો ચમત્કાર છે આ ?'

તો એમણે હળવેથી અંગ ઉપરનો જાડો કોટ ઊંચો કર્યો ને એની નીચે ધારણ કરેલી ખાદી ભંડારની ખીધડા જેવી નહેરુ બંડી બતાવી... એ ઊંચી કરી એની નીચે પહેરેલું ફૂલસ્લીવ જાડા કાપડનું શર્ટ દર્શાવ્યું... એય ઊંચું કરી અંદર ચઢાવેલ પાતળું સ્વેટરને ગંજી પ્રદર્શિત કર્યા ને દુઃખી સ્વરે બોલ્યા : 'કોઈ દવા-થેરેપીનો નહીં, શિયાળાની કડકડતી ઠંડીનો ચમત્કાર છે આ... બાકી કોઈ રીતે મારું બોડી બનતું નથી ને વજન વધતું નથી !!'



હળવે હૈયે
પ્રકાશ લાલા

જોયું ને ? શિયાળાની ઠંડી સૂકલકડી વ્યક્તિને પણ તંદુરસ્ત અને શરીરે ભારે વ્યક્તિને વધુ ભારેખમ બનાવી દે છે!! ના, ના... શિયાળામાં અડદ પાક - સાલમ પાક - ખજૂર પાક જેવાં વસાણા ખાઈને વજન વધવાની વાત નથી... તેની શરીર પર અસર આટલી જલ્દી વર્તાય પણ નહીં ને? આ તો, પેલા ભાઈની જેમ ટાઢથી અંગરક્ષણ માટે શરીર ઉપર જાડાં-ગરમ કપડાંના થર ચઢાવવાથી શરીર વધે છે તેની વાત છે, સાહેબ... ને વાત ખોટી પણ નથી ને? આપણેય આજસકાલ વહેલી સવારે કે સાંજે-રાતે બરાબર ગોટમોટ થઈને - સજીધજીને (એટલે કે સરખાં ગરમ કપડાં, માથે ટોપી, ગળે મફલર, ઉપર શાલ, હાથ મોજા બહુ ઠઠાવીને સજ્જ થવાની વાત છે...) જ મેદાને પડવું પડે એવી જોરદાર જમાવટ ઠંડીએ કરી દીધી છે... ને હજી દસ દિવસ આ જમાવટ રહેવાની છે એળો વર્તારો છે... ને આવું ધ્યાન રાખ્યા વગર બહાર નીકળ્યા તો પછી છીંકાછીંક, નાક ગળણ, ખાંસી શરૂ થઈ સમજો... શરદીના દરદી બન્યા એટલે છાતી-માથે - બામ-વીક્સ ઘસવા, નાસ લેવાનો, મીઠાના પાણીના કોગળા કરવાના, કફ સીરપ પેટમાં પધરાવવાની ને ઘરમાંય 'ગોટમોટ' થઈને બેસવાની નોબત આવી સમજો... (જે આ બધુ કર્યા વગર ઠંડી સામે ઝીંક ઝીળી શકે છે. એ ખડતલ વ્યક્તિઓને અભિનંદન)

શિયાળાના કેટલાક ફાયદા પૈકી એક છે. મસ્ત - તાજાંમાજાં - લીલાછમ્મ શાકભાજી અને ગાજર-બીટ-પાલક-મૂળા-લીલી હળદર - લીલું લસણ વગેરે કાચાં સલાડ ખાવા મળે તે. અલબત્ત, આ વર્ષે શ્રીમાન ચોમાસાએ લાંબો ટાઈમ એમનો મુકામ રાખ્યો હતો એટલે શાકભાજીના ભાવ ઠંડીમાં ય દઝાડે કે થથરાવી દે તેવા રહે છે છતાંય બાર મહિનામાં સારા શાકભાજી સલાડ ખાવાની આ શ્રેષ્ઠ મૌસમ હોય છે.

શિયાળાનો બીજો લાભ એ છે કે કયાંક બહાર, કોઈના ઘરે - પ્રોગ્રામમાં - માર્કેટમાં જવું હોય તો કપડાં ચેઈન્જ કરવાની કડાકૂટ ન કરીએ તો ચાલે... ઘરમાં જે પહેર્યું હોય તેની ઉપર બસ એક સારું સ્વેટર-જાકીટ કે શાલ ચઢાવ્યા કે 'રેડી ફોર ગોઈંગ આઉટ...' આ રીતે શિયાળામાં જૂના, ટૂંકા પડતાં, રફુ કરાવેલાં, ન ગમતાં ને છતાં કાઢી નાખવાનો જીવ ન ચાલતો હોય એવાં આપણાં કપડાંને ગરમ વસ્ત્રો નીચે છૂપાવીને વપરાશમાં લઈ શકાય... ખરું કે નહીં ? જો કે બહેનોને પોતાનાં નવી ડિઝાઈન - ફૅશનનાં ડ્રેસ - સાડી - ગાઉન બતાવવાની એવી હોંશ હોય છે કે એ લોકો ઠંડીમાં ઠરવાનું પસંદ કરશે પણ ઉપર શાલ કે સ્વેટર નહીં પહેરે... આ રીતે એક બહેનને ઠંડીથી ધ્રૂજતા જોઈ એક ભલા - પરોપકારી માણસો પોતાની શાલ એમને ઓફર કરી તો એ બહેન ગુસ્સે થઈ ગયાં ને બોલ્યાં : 'મેર મુઆ, શું હું ભિખારણ છું ? અરે, આ તો નવી સાડી - નવાં ઘરેણાં પહેરીને લગ્નના રીસેપ્શનમાં જાઉં છું, સમજ્યા ?

જોક અ પાર્ટ... તાજેતરમાં જ શિયાળાનો એક ગેરફાયદો જોયો... એક મિત્રએ એમની ૬૦મી વર્ષગાંઠ મિત્રો - સ્વજનોની સંગે ઊજવવાનું આયોજન કરેલું... સંખ્યા સાવ જ લિમિટેડ રાખી હતી એટલે મોટા 'હોલ'ને બદલે નાની ઓપન જગ્યામાં જ કાર્યક્રમ ગોઠવ્યો. એક અચ્છા ગાયક કલાકારની 'બેઠક' રાખી... સાંજે બધાં ભેગાં થાય...દોઢ બે કલાક ગીત-સંગીત માણી, પછી જમીને છૂટા પડવાનો ઉપક્રમ હતો...

'ગુલાબી ઠંડીમાં સૌ સાથે મળી આનંદ કરીશું' એમ નિમંત્રણ પાઠવેલું પણ નસીબ જોરમાં તે આગલી રાતથી જ ઠંડીએ જોર માર્યું હતું એટલે કાર્યક્રમ ગુલાબી ને ફુલગુલાબી નહીં પણ લાલગુલાબી ઠંડીમાં થયો... ચાલુ ગીત-સંગીતે સૌને - ગાયક - વાદ્યકાર અને શ્રોતાઓને - ગરમ રાખવા ગરમાગરમ ચા-કૉફી પીરસાતાં રહે તેમ કરવું પડ્યું અને ચારેકોર તાપણાં ગોઠવવાં પડ્યાં... આ બજેટ જોગવાઈ બહારની આઈટેમ્સ થઈ ગઈ.

ખેર, ખર્ચની તો ચિંતા ન હતી પણ ઠંડીને લીધે ગાયક કલાકારના ગળા ઉપર અસર થતી હતી ને એક્સ્ટ્રા હરકતો લેવાઈ જતી હશે... તોય એને તો સામે બેસીને ચાલુ રાખવું જ પડે... પણ શ્રોતાજનો માથે ટોપી સરખી કરવામાં, કયાંકથી ઠંડી ઘૂસી ન જાય એમ વારંવાર શાલ-સ્વેટર - કોટ ખેંચીને ચા-કૉફી પીવામાં ને તાપણામાં હાથ શેકવામાં વ્યસ્ત રહેતા હતા. વચ્ચે વચ્ચે 'વાહ.... વાહ...' કરી તાળીઓથી કલાકારને બીરદાવતા જરૂર હતા... ને કેટલાક ઠંડી સામે લડવાનો પૂરતા શસ્ત્ર સરંજામ સાથે ન આવેલાં કાં 'વૉક આઉટ' પણ કરી ગયાં!! જો કે દરેક ઋતુના ફાયદા - ગેરફાયદા હોય છે જ... એટલે આપણે તો બસ 'મોજમાં રહેવું મોજમાં રહેવું' ગાતા રહેવું !!